NHS

# HPV

## vaccination

કેન્સરનું તમારું જોખમ ઘટાડવામાં મદદરૂપ બનવા માટે
HPV ચેપ સામે રક્ષણ આપવું.



arm against cancer

## The universal HPV (ધ યૂનિવર્સલ કે બધાને લાગુ પડતું HPV) રોગ- પ્રતિરક્ષણ કાર્યક્રમ

સપ્ટેમ્બર 2008 થી શાળાના વર્ષ 8 માં બધી છોકરીઓને HPV રસી આપવામાં આવી છે. સપ્ટેમ્બર 2019 થી શાળાના વર્ષ 8 ના છોકરાઓને પણ આ રસી આપવામાં આવી છે.

આ એટલા માટે છે કારણકે પુરાવા સ્પષ્ટ છે કે HPV રસી છોકરા અને છોકરીઓ એમ બન્નેને HPV - સંબંધિત કેન્સરથી બચાવવામાં મદદ કરે છે.

**વિશ્વભરમાં HPV રસીના 280 મિલિયનથી વધારે માત્રા કે ડોઝ આપવામાં આવ્યા છે, જેમાં અમેરિકામાં (US) 120 મિલિયન અને યૂકેમાં (UK) 10 મિલિયનથી વધારે ડોઝનો સમાવેશ થાય છે.**

### HPV રસી તમને હ્યુમન પેપિલોમાવાઈરસના (human papillomavirus) (HPV) ચેપ સામે રક્ષણ આપવામાં મદદ કરે છે.

આ વાઈરસ જીવનમાં પાછળથી અમુક કેન્સરો વિકસાવવાનું જોખમ વધારે છે, જેમકેઃ

- સર્વાઈકલ કેન્સર
- અમુક મોઢા અને ગળાના કેન્સર
- અમુક ગુદા અને જનનાંગોના વિસ્તારોના કેન્સર

HPV રસી બીજા લૈગિંક રીતે પ્રસારિત થયેલા ચેપ સામે રક્ષણ આપતી નથી.



## HPV અને તે કેવી રીતે ફેલાય છે

**HPV ચેપ ખૂબજ સામાન્ય હોય છે.** રસી ન લેનારા 70% થી વધારે લોકોને તે મળી શકે

70%

**HPV સમગ્ર જનનાંગોના વિસ્તારમાં અને તેની આસપાસની ત્વચા પર રહે છે** , તેથી કોન્ડોમ કે નિરોધનો ઉપયોગ HPVથી સંપૂર્ણ રક્ષણ પૂરું પાડતું નથી.

**ઘણા વિવિધ પ્રકારો**

મોટા ભાગના HPV ચેપો કોઈ પણ લક્ષણોનું કારણ હોતા નથી **પોતાની મેળે સારા થઈ જાય છે**

**અમુક સ્પષ્ટ કે સાફ થતા નથી** અને કેન્સર તરફ દોરી જઈ શકે જયારે બીજા જનનાંગોના મસાઓનું કારણ બની શકે

## HPV રસીએ અત્યાર સુધીમાં શું ફરક પાડ્યો છે?

યૂકેમાં (UK) રસીકરણ કાર્યક્રમ શરૂ થયાના પંદર વર્ષોના સમયથી HPV ચેપો અને જનનાંગોના મસાવાળા યુવાનોની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે.

સમય જતાં એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ રસી યૂકેમાં (UK) દર વર્ષે સેંકડો લોકોના જીવ બચાવશે.

**તમને શ્રેષ્ઠ સુરક્ષા આપવા માટે, તમે લૈંગિક કે જાતીય રીતે સક્રિય બનો તે પહેલાં રસી આપવી જોઈએ.**

**જો તમે લૈંગિક કે જાતીય રીતે સક્રિય બન્યા હો તો હજી પણ તમારે રસી લેવી જોઈએ.**

## HPV રસી લેવી

રસી તમારા હાથના ઉપરના ભાગમાં ઈન્જેક્શન તરીકે આપવામાં આવે છે.

મોટા ભાગના લોકોને સુરક્ષિત રાખવા માટે માત્ર એક જ ડોઝની જરૂર પડશે. આ સામાન્ય રીતે તમે શાળાના વર્ષ 8 માં હો તે સમયની આસપાસ આપવામાં આવે છે.



## ધ HPV રસી

NHS રસીકરણ શેડ્યૂલ કે સૂચિના **ઉપયોગમાં લેવામાં આવતી HPV રસી** એ ગાર્ડસિલ (Gardasil) 9 છે અને તે HPV ના 9 પ્રકારો સામે રક્ષણ આપે છે કે જે માત્ર એક ડોઝ સાથે મોટા ભાગના લોકો માટે કેન્સર અને જનનાંગોના મસાઓનું કારણ બની શકે.

## હું મારું રસીકરણ ચૂકી ગયો હોઉ તો, શું હજી પણ તે લઈ શકું?

હા. જો તમે શાળામાં તમારું રસીકરણ ચૂકી ગયા હો તો, તમારે પ્રયત્ન કરી અને શક્ય તેટલી વહેલી તકે તે લેવું જોઈએ.

એપોઇન્ટમેન્ટની વ્યવસ્થા કરવા માટે તમારી સ્કૂલ નર્સ, સ્કૂલ ઈમ્યૂનાઇઝેશન ટીમ અથવા જીપી (GP) પ્રેક્ટિસનો સંપર્ક કરો.

તમે તમારા 25માં જન્મદિવસ સુધી રસી પ્રાપ્ત કરવા માટે પાત્ર કે યોગ્ય રહેશો.

## જે મહિલાઓએ રસી લીધી હોય તેઓએ હજી પણ સર્વાઈકલ સ્ક્રિનિંગ માટે જવાની જરૂર રહેશે.

ઇંગલેન્ડમાં 25 વર્ષ કે તેથી વધારે ઉંમરની બધી મહિલાઓને સર્વાઈકલ સ્ક્રિનિંગ ટેસ્ટસ કે ગર્ભાશયના તપાસની કસોટીઓ ઓફર કરવામાં આવે છે. HPV રસી સર્વાઈકલ કેન્સરના 90% કેસોને અટકાવશે, પણ જયારે આવું કરવા માટે આમંત્રણ આપવામાં આવે ત્યારે પણ મહિલાઓએ સર્વાઈકલ સ્ક્રિનિંગ માટે હજી પણ હાજર રહેવું જોઇએ.





## બીજા કેન્સરો વિષે શું?

હાલમાં બીજા HPV- સંબંધિત કેન્સરો માટે કોઈ સ્ક્રિનિંગ પ્રોગ્રામો નથી. જો તમે કોઈ પણ લક્ષણો વિષે ચિંતિત હો તો તમારી જીપી (GP) પ્રેક્ટિસ સાથે વાત કરો.

## આડ અસરો

મોટા ભાગની બીજી રસીઓની જેમ, HPV રસીકરણની આડ અસરો હળવી હોય છે. હાથમાં દુ:ખાવો, સોજો અને લાલાશ સામાન્ય હોય છે પણ થોડા દિવસોમાં તે બંધ થઈ જાય છે. વધારે ગંભીર આડ અસરો અત્યંત દુર્લભ હોય છે.

આ રસી યૂકેમાં ઉપયોગ માટેના કડક સલામતી ધોરણોને પસાર કરી ચૂકી છે અને તેને ખૂબ જ સલામત રસી બતાવવામાં આવી છે. યૂકે (UK) અને દુનિયાભરમાં છોકરાઓ અને છોકરીઓને રસીના લાખો ડોઝ આપી દેવામાં આવ્યા છે. તમામ રસીઓની જેમ, આડ અસરોના કોઈ પણ અહેવાલો પર ગાઢપૂર્વક અનુશ્રવણ કરી અને સમીક્ષા કરવામાં આવે છે.

જો તમને રસીની કોઈ પણ શંકાસ્પદ આડ અસરોનો અનુભવ થાય તો, તમે યલો કોર્ડ (Yellow Card) વેબસાઈટ પર અથવા **0800 731 6789 પર** (સોમવાર થી શુક્રવાર સવારના 9 થી સાંજના 5) કોલ કરી અથવા યલો કાર્ડ એપ્પ (Yellow Card app) દ્વારા ડાઉનલોડ કરી તમે આનો રિપોર્ટ કરી શકો.

**www.mhra.gov.uk/yellowcard**

## યાદ રાખો

- **ભવિષ્યમાં સંખ્યાબંધ કેન્સરો સામે તમારી જાતને સુરક્ષિત રાખવા માટે, હવે તમારી HPV રસી મેળવવી**
- **યૂકેમાં (UK) દર વર્ષે આ રસી સેંકડો લોકોના જીવ બચાવી રહી છે**
- **HPV રસીથી રક્ષણ હોવા છતાં પણ તમારે આરોગ્યની તપાસની હજી પણ જરૂર રહેશે જેમકે 25 વર્ષની ઉંમરથી સર્વાઈકલ સ્મિઅર કે ગર્ભાશય આલેપન**

## વધારે માહિતી માટે, મુલાકાત લો www.nhs.uk/hpv

ગાર્ડસિલ 9 (Gardasil 9) રસી માટેના ઘટકોની સંપૂર્ણ યાદી દરદીની માહિતી પત્રિકામાં (PIL) આપવામાં આવેલ છે: **www.medicines.org.uk/emc/product/7330/pil**

ધ સમરિ ઓફ પ્રોડકટ કેરિકટરિસ્ટિકસ બનાવટની લાક્ષણિકતાઓનો સારાંશ (SPC): **www.medicines.org.uk/emc/product/7330/smpc/print**

આ પત્રિકાને યૂકેની (UK) હેલ્થ સિકયૂરિટિ એજન્સિ દ્વારા તૈયાર કરવામાં આવી છે.
**રોગ પ્રતિરક્ષણ, દરેકેદરેકની સુરક્ષા દરેક ઉંમરે કરવામાં મદદ કરે છે.**

આ પત્રિકા ઓર્ડર અથવા ડાઉનલોડ કરી શકાય: www.healthpublications.gov.ukમાંથી, કોલ કરીને: 0300 123 1002 (સોમવાર થી શુક્રવાર સવારના 8 થી સાંજના 6 સુધી લાઈન ખુલ્લી હોય છે). આ પત્રિકા નીચેની ભાષાઓમાં અનુવાદિત કરેલ પણ મળી રહે છે: અલ્બેનિઆન, એરબિક, બંગાળી, બ્રાઝિલિઅન Pt., બલ્ગેરિઅન, ચાઈનીઝ, સ્પેનીશ, ઈસ્ટોનિઅન, ફારસી, ફિજિઅન, ગ્રીક, ગુજરાતી, હિન્દી, કુર્દિશ, લેટવિઅન, લિથુનિઅન, નેપાળી, પંજાબી, પસ્ટો, પોલિશ, રોમનિ, રોમેનિઅન, રશિઅન, સોમાલી, ટગલોગ, ટર્કિશ, ટ્વી, ટિગ્રિન્યા, યૂક્રેનિઅન, ઉર્દૂ, યિડિશ અને યોરૂબા

© Crown Copyright 2023. Product code: HPVU1L-GU. 3P 850K MAY 2023 (APS)
UK Health Security Agency gateway number 2023-030 Gujarati